અપીલ અરજી નં.૧૭૧ તા.૩૦–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૭–૧૦ની અરજીથી (૧) તા.૧૮–૬–૧૦ના રોજ સંબંધિત વિભાગમાં ૪/૩૬૦ વાળી મિલકતના માલીકે અવાજ મારે તેવા મશીનો નાંખી કારખાના ચાલુ કરેલ તે બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારી તેમજ કર્મચારી તરફથી ૪/૩૫૯,અ વાળી મિલ્કતમાં શું શું તપાસકરવામાં આવી અને શું રીપોટ બનાવવામાં આવ્યો તેની નકલ ફાળવવી. (૨) **BPMC** એકટની કલમ મુજબ ૧૮–૬–૧૦ ના રોજ સંબંધિત વિભાગમાં અરજી કરેલ તો સુ.મ.પા. તરફથી ૪/૩૬૦ વાળી મિલ્કતના માલીક ઉપર કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૧/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૭–૧૦ની અરજીથી (૧) તા.૧૮–૬–૧૦ના રોજ સંબંધિત વિભાગમાં ૪/૩૬૦ વાળી મિલકતના માલીકે અવાજ મારે તેવા મશીનો નાંખી કારખાના ચાલુ કરેલ તે બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારી તેમજ કર્મચારી તરફથી ૪/૩૫૯,અ વાળી મિલ્કતમાં શું શું તપાસ કરવામાં આવી અને શું રીપોર્ટ બનાવવામાં આવ્યો તેની નકલ ફાળવવી. (૨) **BPMC** એકટની કલમ મુજબ ૧૮–૬–૧૦ ના રોજ સંબંધિત વિભાગમાં અરજી કરેલ તો સુ.મ.પા. તરફથી ૪/૩૬૦ વાળી મિલ્કતના માલીક ઉપર કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૭૧૩ તા.૨૧–૮–૧૦થી આપેલ માહિતી ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારની ૧૮–૬–૧૦ ની અરજી તથા જીપીસીબીના તા.૧૮–૬–૧૦ ના પત્રના અનુંધાને આપની કક્ષાએથી કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જે વિગતે કાર્યવાહી થઈ હોય તેના આધાર સહ વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૬૦ તા.૬–૯–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૮૫૩ તા.૨૦–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પ્રાદેશિક અધિકારીને સે.ઝોન/આરોગ્ય/સેની/આ.નં.૨૩૭ તા.૧૧–૧૨–૦૯ થી અવાજના પ્રદુષણની માત્રા અંગે અભિપ્રાય અંગે પત્ર પાઠવેલ તેની નકલ,અરજદારને તા.૧૮–૬–૧૦ થી અરજી બાબતે પાઠવેલ પ્રત્યુત્તર અંગેનો પત્ર સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૮૭ તા.૩૦–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ. નં.૭૧૩ તા.૨૧–૮–૧૦ ના પત્રની નકલ, અરજદારે ફી ભર્યાની રસીદની નકલ, અરજદારે તા.૧૮–૬–૧૦ ના રોજ કરેલી અરજીની નકલ, અને અરજદારના અપીલના આધારો અંગેના પત્રની નકલ પૂરક વિગતોમાં અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૬–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મીહતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૩ તા.૨૧–૮–૧૦ થી " ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં મશીન નાંખી કારખાના ચાલવાથી અવાજના પ્રદુષણ અંગે ૪/૩૫૯ વાળી મિલ્કતમાં તપાસ બાબતે તેમજ બીપીએમસી એકટની કલમ માટે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં અવાજ તપાસ માટે પ્રાદેશિક અધિકારીશ્રી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ નં.સ ે.ઝોન/આરોગ્ય/સેની. /આ.નં.૨૩૭ તા.૧૧–૧૨–૦૯ થી જાણ કરવામાં આવેલ છે. તેની સે.ઝોન/ આરોગ્ય સ ેની./આ.નં.૫૮૭ તા.૩૦–૭–૧૦ થી તમોને જાણ કરવામાં આવેલ છે. જેની નકલ મેળવવા ઈચ્છતા હોય તો રૂા.૨/– ફી ભરી મેળવી શકશો." તેવું જણાવેલ. જે બાબતે માહિતી ખોટીઆપેલ હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં તા.૧૮–૬–૧૦ ના રોજ કરવામાં આવેલ કાર્યવાહી અંગે કોઈ માહિતી આપેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તેની અરજી બાબતે પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ /આ.નં.૫૮૭ તા.૩૦–૭–૧૦ થી પ્રત્યુત્તર પાઠવેલ છે. જેમાં અરજદારે સે.ઝોન/ આરો/સેની/આ.નં.૨૩૭ તા.૧૧–૧૨–૦૯ થી પ્રાદેશિક અધિકારીશ્રી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને અવાજની માત્રા બાબતે પત્ર પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અરજી ખોટી રીતે પોલ્યુશન બોર્ડમાં મોકલવામાં આવેલ છે અને સાચી માહિતી મળી નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીના આધારમાં તા.૧૮–૬–૧૦ ની સબંધિત બીજા વિભાગો પાસેની માહિતી તેમજ રીપોર્ટની નકલ મળેલ નથી જે બાબતે અરજદારની અરજીમાં કારખાનાઓના ખુબ જ અવાજના બાબત હેઠળના વિષય વસ્તુને લગતી માહિતી માંગેલ છે જે બાબતે જાહેર માહિતી

અધિકારી તરફથી પોલ્યુશન બોર્ડને અવાજની માત્રા નકકી કરવા માટે અભિપ્રાય માંગવામાં આવેલ. અરજદારે અપીલ તબકકે પ્રાદેશિક અધિકારી જીપીસીબી સુરતના તા.૧૮–૬–૧૦ ના પત્રનો હવાલો આપી આ કાર્યવાહી સુરત મહાનગરપાલિકાએ કરવાની રહેતી હોવા છતાં માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે એમની અપીલ અરજીની રજૂઆતમાં પ્રદુષણ બાબતની જવાબદારી સુમપાની હોવાની દલીલ કરેલ છે.

અરજદાર માહિતી અરજીનો મુખ્ય મુદ્દો તેમની તા.૧૮–૬–૧૦ ની અરજી બાબતે બંને મિલ્કતો અંગે અનુક્ર મે થયેલ તપાસ અને કરેલી કાર્યવાહીની માહિતીની માંગણીનો છે. જાહેર માહિતી અધિકારીએ અગાઉ જીપીસીબી ૨૦૦૯માં પત્ર લખવામાં આવેલ જણાવેલ છે પરંતુ અરજદારની તા.૧૮–૬–૧૦ ની અરજીના અનુસંધાને થયેલ કાર્યવાહીની કોઈ માહિતી અરજદારને પૂરી પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૭–૧૦ ની આરટીઆઈ એકટ હેઠળની અરજીથી માંગેલ તેમની તા.૧૮–૬–૧૦ ની સુરત મહાનગરપાલિકાને આપેલ અરજી બાબતે હાથ ધરેલી કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,